JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEWATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ દશમ શુક્રવાર ૧૩ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૧૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

### મોજતબા ખામેનેઇએ સુપ્રીમ લીડર બન્યા પછી પ્રથમ નિવેદન બહાર પાડ્યું

# હોર્મુઝ બંધ જ રહેશે : ઈરાનના નવા સુપ્રીમ લીડર

**હોર્મુઝની** ખાડીને બંધ રાખવાની સાથે જ હુમલાઓ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા પણ ઉચ્ચારી

**જો કે** મોજતબા કેમેરા સામે ન આવ્યા, તેમનું નિવેદન સરકારી ટીવી એન્કરે વાંચી સંભળાવ્યું, મોજતબા ઇજાગ્રસ્ત હોવાની અટકળો

**દુબઈ, તા. 12(AP):** ઈરાનના નવા સર્વોચ્ચ નેતાએ તેમના સ્વર્ગસ્થ પિતાના ઉત્તરાધિકારી બન્યા બાદ પોતાનું પ્રથમ નિવેદન બહાર પાડ્યું છે. ગુરુવારે તેમણે જણાવ્યું હતું કે ઈરાન તેના ખાડી આરબ પડોશીઓ પર હુમલા ચાલુ રાખશે અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવી હોર્મુઝની સામુદ્રધુનીને અસરકારક રીતે બંધ કરી તેનો ઉપયોગ અમેરિકા અને ઈઝરાયેલ સામે દબાણ લાવવા માટે કરશે.

સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ (56 વર્ષ), જેમના વિશે ઈઝરાયેલને શંકા છે કે તેઓ યુદ્ધના પ્રારંભિક હુમલાઓમાં ઘાયલ થયા હતા, તેઓ કેમેરા સામે આવ્યા નહોતા અને તેમનું નિવેદન સ્ટેટ ટીવી ન્યૂઝ એન્કર દ્વારા વાંચવામાં આવ્યું હતું. આ નિવેદનમાં યુદ્ધમાં માર્યા ગયેલા લોકોનો બદલો લેવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી, જેમાં એક શાળા પર થયેલા હુમલાનો પણ ઉલ્લેખ હતો જેમાં 165થી વધુ લોકોના મોત થયા હતા.

આ નિવેદન તે યુદ્ધ ચાલુ રાખવાની ઈચ્છા દર્શાવે છે જેણે વૈશ્વિક ઉર્જા પુરવઠો, આંતરરાષ્ટ્રીય પ્રવાસ અને ખાડી આરબ દેશોની સલામતીને ખોરવી નાખી છે, અને જેના કારણે ઈરાનના નેતૃત્વ, સૈન્ય અને બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. યુદ્ધની શરૂઆતથી જ ખામેનેઈ જાહેરમાં જોવા મળ્યા નથી. જ્યારે અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓ ઈરાન પર સતત ચાલુ છે અને યુદ્ધના અંતના કોઈ સંકેતો દેખાતા નથી. ઈરાનના રાષ્ટ્રપતિએ ગુરુવારે કહ્યું હતું કે જ્યાં સુધી ઈરાનને ફરીથી હુમલો ન થવાની સુરક્ષા ગેરંટી નહીં મળે ત્યાં સુધી તેના હુમલા ચાલુ રહેશે, જે સૂચવે છે કે યુદ્ધવિરામ અથવા અમેરિકા દ્વારા વિજયની જાહેરાત પણ કદાચ આ સંઘર્ષને રોકી શકશે નહીં.

**ઈઝરાયેલ પર હિઝબુલ્લાહે રોકેટો વરસાવ્યા**

ઘણા ઈઝરાયેલીઓ માટે આ એક સ્તબ્ધ કરી દે તેવી અને આખી રાત જાગતા વિતાવવી પડે તેવી રાત હતી. ઈઝરાયેલી સૈન્યના જણાવ્યા

...અનુસંધાન પાના 15 પર



### મોહતબા ખરેખર છે ક્યાં?

૨૮ ફેબ્રુઆરીએ થયેલા ભીષણ હવાઈ હુમલામાં અયાતુલ્લા અલી ખામેનીના મૃત્યુ બાદ, તેમના પુત્ર મોજતબા ખામેનીએ સત્તા સંભાળી છે. જોકે, હાલમાં ઈરાન કોણ ચલાવી રહ્યું છે તેને લઈને અનેક સવાલો ઊભા થયા છે. અહેવાલો અનુસાર, ૫૬ વર્ષીય મોજતબા ખામેની પોતે પણ ગંભીર રીતે ઇજાગ્રસ્ત છે અને હાલમાં તેહરાનની સિના યુનિવર્સિટી હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર હેઠળ હોવાનું મનાય છે. એવી પણ અફવાઓ છે કે તે કોમામાં છે અથવા તો હુમલામાં તેમણે પોતાનો એક પગ ગુમાવ્યો છે. અટકળો એવી પણ છે કે હુમલામાં માર્યા ગયા છે.
મોજતબા ખામેની પોતે ટીવી પર દેખાયા ન હતા, પરંતુ તેમના વતી એક લેખિત નિવેદન સમાચાર એન્કર દ્વારા વાંચવામાં આવ્યું હતું.
સૂત્રોના જણાવ્યા અનુસાર, તેહરાનની જે હોસ્પિટલમાં મોજતબાની સારવાર ચાલી રહી છે, તેના એક આખા વિભાગને સીલ કરી દેવામાં આવ્યો છે. ચારેતરફ સુરક્ષા જવાનોનો કડક પહેરો છે. મોજતબા જાહેર જનતાની સામે ન આવતા એવી અટકળો તેજ બની છે કે તેમની તબિયત અત્યંત નાજુક છે અથવા હુમલામાં તેમને કાયમી ખોડખાંપણ આવી છે.

## બે ઓઇલ ટેન્કર જહાજો પર ઇરાની આત્મઘાતી બોટના હુમલા






**ઇરાકના** દરિયાકાંઠા નજીક બે જહાજો સાથે વિસ્ફોટકો ભરેલી બે હોડીઓ અથડાઇ, એક જહાજી કર્મચારીનું મોત

**ભોગ** બનેલા જહાજોમાંથી એક અમેરિકી માલિકીનું અને એક માલ્ટાનો ધ્વજ ધરાવતું જહાજ

**દુબઇ, તા. ૧૨:** ઇરાકના દરિયાકાંઠા નજીક બે ઓઇલ વાહક જહાજો પર હુમલાઓ થયા છે, આ બંને હુમલાઓ ઇરાન દ્વારા મોકલવામાં આવેલી વિસ્ફોટકટો ભરેલી નૌકાઓ દ્વારા કરવામાં આવ્યા હતા એમ જાણવા મળે છે.

ઈરાનના આ વિનાશક હુમલાના ફૂટેજમાં એક વિશાળ અગનગોળો ઝડપથી ફેલાતો અને જ્વાળાઓ વહાણોને લપેટમાં લેતી જોવા મળી હતી. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધના 13મા દિવસે, ઈરાનના સતત હુમલાઓએ બ્રેન્ટ ક્રૂડના ભાવને ફરી એકવાર પ્રતિ બેરલ 100 ડોલરની ઉપર પહોંચાડી દીધા છે, જે થોડા દિવસો પહેલા તો 120 ડોલરની નજીક પહોંચી ગયા હતા. ગલ્ફમાં કોમર્શિયલ અને લશ્કરી જહાજોને આક્રમક રીતે નિશાન બનાવીને ઈરાન તેલના ભાવને રેકોર્ડ સ્તરે લઈ જવાની તેની ધમકી પર મક્કમ હોય તેવું લાગે છે.

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના પ્રવક્તાએ ગઈકાલે રાત્રે ચેતવણી આપી હતી કે ગલ્ફમાં દેખાતા યુએસ, ઈઝરાયેલ અથવા તેના સાથી દેશો સાથે જોડાયેલા કોઈપણ જહાજને નિશાન બનાવવામાં આવશે. તેમણે દેખીતી રીતે અમેરિકાને સંબોધતા ઉમેર્યું: 'તમે કૃત્રિમ રીતે તેલની કિંમત ઘટાડી શકશો નહીં. તેલની કિંમત પ્રતિ બેરલ 200 ડોલર થવાની અપેક્ષા રાખજો. બુધવારે મોડી રાત્રે ઇરાકે ઇરાકી બંદર શહેર બસરા પાસે ગલ્ફમાં જે જહાજોને નિશાન બનાવ્યા હતા તે અમેરિકાની માલિકીનું 'સેફ સી વિષ્ણુ' અને માલ્ટાના ધ્વજવાળું 'ઝેફિરોસ' હતા, જેણે ઇરાકમાં ઇંધણનો જથ્થો લોડ કર્યો હતો. ઇરાની હુમલામાં ક્રૂ મેમ્બરનું મોત થયું હતું, જો કે હાલમાં એ જાણી શકાયું નથી કે મૃતક વ્યક્તિ કયા જહાજ પર કામ કરતી હતી.



## દિલ્હી ડાયરી

### ઈરાનના સર્વોચ્ચ નેતા સ્વ. ખામેની તેહરાન યુનિવર્સિટીમાં ફારસી ભણાવતા હતા

જે દિવસે કોંગ્રેસના અનેક નેતાઓ ભારતમાં ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી હુસૈની ખામેનીના પ્રતિનિધિ અબ્દુલ મજિદ હકીમ ઈલાહીને મળ્યા ત્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સૈયદ નસીર હુસૈને ઈલાહી સાથે તેહરાન સાથેના તેમના અંગત સંબંધોની વાત શેર કરી હતી. હુસૈને ઈલાહીને જાણ કરી કે, તેમના સ્વર્ગસ્થ સસરા એક સમયે તેહરાન યુનિવર્સિટીમાં પર્શિયન (ફારસી) સાહિત્ય ભણાવતા હતા. તેમણે તેમના સસરાના ઈરાનમાં રોકાણ અને તેને લગતા અનુભવો વિશે વાત કરી હતી. તાજેતરમાં દિલ્હીમાં ઈરાન કલ્ચર સેન્ટર ખાતે શોક વ્યક્ત કરવા આવતા લોકોની યજમાની કરી રહેલા ઈલાહી, હુસૈનના આ ખુલાસાથી પ્રભાવિત દેખાયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે વળતા જવાબમાં હુસૈનને તેમના સસરા વિશે કેટલાક પ્રશ્નો

...અનુસંધાન પાના 15 પર

તા.૧૨-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૦° સે. | ૨૧.૦° સે. | ૧૯% |

## ઈંધણ તંગીનો વધતો ભય: પેટ્રોલ પંપો, ગેસ કેન્દ્રો પર લાંબી લાઈનો

**પેટ્રોલ,** ડીઝલ, ગેસની તંગી સર્જાશે તેવા ભયને કારણે શરૂ થયેલી ગભરાટભરી ખરીદી, સરકારી ખાતરીઓની અસર નહીં

**રાજ્યોની** મધ્યાહન ભોજન યોજનાઓ પર અસર દેખાવા માંડી, કેટલાક સ્થળે વૈકલ્પિક બળતણ તરીકે ફરીથી લાકડાનો શરૂ થઇ રહેલો ઉપયોગ!

**નવી દિલ્હી, 12(PTI):** પશ્ચિમ એશિયાના સંકટને કારણે ઈંધણની અછત સર્જાશે તેવી આશંકા વચ્ચે દેશભરમાં ગભરાટમાં થયેલી ખરીદીને કારણે લોકો પેટ્રોલ પંપો અને ઘરેલું LPG આઉટલેટ્સ પર લાંબી કતારોમાં ઉભા જોવા મળ્યા હતા. જો કે, સરકારે ગુરુવારે સંસદમાં જણાવ્યું હતું કે પેટ્રોલ, ડીઝલ અને કેરોસીનની કોઈ અછત નથી અને આ સમય અફવાઓ ફેલાવવાનો નથી.

ઉત્તરાખંડ સરકારે હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને પ્રાથમિકતાના ધોરણે કોમર્શિયલ ગેસ સિલિન્ડર પૂરા પાડવાનો નિર્ણય લીધો છે અને

...અનુસંધાન પાના 15 પર



### કેટરિંગ સેવાઓ ૧૦થી ૨૦ ટકા મોંઘી થવાનો ભય

કેટરિંગ અને લગ્ન સેવા સાથે સંકળાયેલા એકમોને પણ મોટો ફટકો પડ્યો છે. પુડુચેરીમાં એક અગ્રણી કેટરિંગ સેવા આપનાર પ્રવક્તાએ જણાવ્યું કે તેઓ નાના ફંક્શનના ઓર્ડર લેતા નથી કારણ

...અનુસંધાન પાના 15 પર

### ગેસ સિલિન્ડરોના કાળાબજાર થઇ રહ્યા હોવાના આક્ષેપો

ઈંધણની અછતના ડરથી ગભરાટમાં ખરીદી શરૂ થઈ છે અને ગેસ સિલિન્ડરોના કાળાબજારના આક્ષેપો પણ થઈ રહ્યા છે. દેશની રાજધાનીમાં પોલીસ અધિકારીઓને તેમના વિસ્તારની ગેસ એજન્સીઓની યાદી તૈયાર કરવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જવાનો તૈનાત કરવા સૂચના આપવામાં આવી છે. કોલકાતામાં, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કડક દેખરેખ રાખવા અને ચોરી અટકાવવા નિર્દેશ આપ્યાના એક દિવસ પછી

...અનુસંધાન પાના 15 પર

### જયશંકર અને ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી વચ્ચેની વાતચીત બાદ

## ઈરાને ભારતના જહાજોને હોર્મુઝની ખાડીમાંથી પસાર થવાની મંજૂરી આપી

**ઓછામાં** ઓછા બે ભારતીય ટેન્કરો, 'પુષ્પક' અને 'પરિમલ', વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયા

**થાઇલેન્ડનું** જહાજ અમેરિકાના પોલા વચન પર વિશ્વાસ રાખીને ઇરાનની મંજૂરી વિના પસાર થતું હોવાથી હુમલાનો ભોગ બન્યાનો ઇરાની નૌકાદળનો ખુલાસો



**તહેરાન, નવી દિલ્હી, તા. ૧૨:** ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર અને ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી વચ્ચેની વાતચીત બાદ, ઈરાને ભારતીય ધ્વજ ધરાવતા ટેન્કરોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાની મંજૂરી આપી છે. એક અહેવાલ મુજબ, આ મહત્વપૂર્ણ ઘટના વિકાસ બાદ ઓછામાં ઓછા બે ભારતીય ટેન્કરો, 'પુષ્પક' અને 'પરિમલ', આ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ રહ્યા હોવાના અહેવાલ છે. બીજી તરફ, અમેરિકા, યુરોપ અને ઈઝરાયેલના જહાજો હજુ પણ પ્રતિબંધોનો સામનો કરી રહ્યા છે.

સાઉદી અરેબિયાનું ક્રૂડ ઓઈલ લઈ જતું અને ભારતીય કેપ્ટન દ્વારા સંચાલિત એક લાઈબેરિયન ધ્વજ ધરાવતું ટેન્કર પણ બે દિવસ પહેલા હોર્મુઝની સામુદ્રધુની પસાર કરીને મુંબઈ બંદરે પહોંચ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલો કરવામાં આવ્યા બાદ આ જળમાર્ગ પર દરિયાઈ અવરજવર લગભગ ઠપ્પ થઈ ગઈ હતી, તેવામાં સુરક્ષિત રીતે પસાર થનારું આ પ્રથમ જહાજ બન્યું છે.

ઈરાની સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, અમેરિકા અને ઈઝરાયેલના સતત હુમલાઓ વચ્ચે ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી

...અનુસંધાન પાના 15 પર

## યુદ્ધમાં રોકાણકારોના રૂપિયા ૨૩.૪૪ લાખ કરોડ ધોવાયા

**નવી દિલ્હી, તા. 12.** અમેરિકા, ઇઝરાયેલ અને ઇરાન વચ્ચે શરૂ થયેલા ભીષણ લશ્કરી સંઘર્ષની જ્વાળાઓ વૈશ્વિક શેરબજારો સુધી પહોંચી છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી આ યુદ્ધ જેવી સ્થિતિને કારણે ભારતીય શેરબજારમાં ભારે ગભરાટ જોવા મળ્યો છે. ૨૭ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જના લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપિટલાઇઝેશનમાં ૨૩.૪૪ લાખ કરોડનું તોતિંગ ધોવાણ થયું છે. આ આર્થિક નુકસાન એટલું મોટું છે કે તેણે રોકાણકારોની કમર તોડી નાખી છે, જ્યારે સેન્સેક્સમાં પણ ૬ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે.

આ આર્થિક કટોકટી પાછળનું મુખ્ય કારણ ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર થયેલા સૈન્ય હુમલા અને ત્યારબાદ શરૂ થયેલા વળતા પ્રહારો છે. ઇરાને ખાડી દેશોમાં આવેલા અમેરિકી અને ઇઝરાયેલી સૈન્ય મથકોને નિશાન બનાવતા સમગ્ર વિસ્તારમાં અસ્થિરતા ફેલાઈ છે. ખાસ કરીને ઇરાન દ્વારા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' બ્લોક કરવામાં આવતા વૈશ્વિક તેલ પુરવઠા પર જોખમ ઊભું થયું છે. પરિણામે, બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૬.૬૬ ટકા વધીને ૯૮.૧૧ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો છે, જે ભારત જેવા આયાત નિર્ભર દેશ માટે ફુગાવો વધવાની મોટી ચેતવણી છે.

ગુરુવારે સેન્સેક્સ ૮૨૯ પોઈન્ટ ગગડીને ૭૬,૦૩૪ પર બંધ રહ્યો હતો. ૨૭ ફેબ્રુઆરી પછી સેન્સેક્સ કુલ ૫,૨૫૨ પોઈન્ટ જેટલો નીચે ઉતરી આવ્યો છે. બજારમાં સૌથી વધુ માર ઓટો સેક્ટરને પડ્યો છે, જેમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૪.૨૩ ટકા ઘટીને ટોપ લૂઝર રહ્યો હતો.